ગુજરાત સમાચાર
પાના નંબર :- ૦૨
તારીખ :- ૧૪ | ૧૦ | ૨૦૨૫

### દરરોજ સરેરાશ ૧.૪૯ લાખની અવર-જવર

# મેટ્રો રેલમાં એક જ મહિનામાં રેકોર્ડ ૪૪.૮૩ લાખ મુસાફરો

અમદાવાદ,સોમવાર

મેટ્રો ટ્રેન હવે અમદાવાદના અનેક મુસાફરો માટે ટ્રાન્સપોર્ટેશનની જીવાદોરી સમાન બની ગઈ છે. એક જ મહિનામાં મેટ્રો ટ્રેનમાં ૪૪.૮૩ લાખ મુસાફરો નોંધાયા છે. મેટ્રોમાં એક મહિનામાં નોંધાયેલા આ સૌથી વધુ મુસાફરો છે.

## મેટ્રોમાં કુલ મુસાફરોનો આંક ૧૦.૩૮ કરોડને પાર

## ૯૯.૮૪ ટકા સેવા સમયસર અપાયાનો દાવો

મેટ્રો ટ્રેનમાં સપ્ટેમ્બરમાં ૪૪.૮૩ લાખ મુસાફરોએ અવર-જવર કરી હતી આમ, પ્રત્યેક દિવસે સરેરાશ ૧.૪૯ લાખ લોકોએ મુસાફરી કરી હતી. આ અગાઉ મેટ્રોમાં ઓગસ્ટમાં ૪૩.૭૯ લાખ મુસાફરો નોંધાયા હતા. અત્યાર સુધીમાં મેટ્રોમાં કુલ ૧૦.૩૮ કરોડ નાગરીકોએ મુસાફરી કરી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનએ ૯૯.૮૪ ટકા સમયસર સેવા આપી છે.

બીજા તબક્કામાં ગુજરાતના પાટનગર ગાંધીનગર અને આર્થિક પાટનગર અમદાવાદને જોડતો કુલ ૨૮.૨ કિમીનો રૂટ તૈયાર કરવામાં આવ્યો છે. ટૂંક સમયમાં અમદાવાદથી મહાત્મા મંદિર સુધીનો રૂટ સંપૂર્ણ કાર્યરત થતાં કુલ ૬૮ કિ.મી.ના રૂટ પરના ૫૪ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે.

**મેટ્રોમાં નોંધાયેલા મુસાફરો**

| મહિનો | ૨૦૨૫ | ૨૦૨૪ |
|---|---|---|
| જાન્યુઆરી | ૪૦.૨૧ | ૨૭.૧૫ |
| ફેબ્રુઆરી | ૩૪.૪૮ | ૨૫.૩૮ |
| માર્ચ | ૩૬.૩૦ | ૨૬.૯૯ |
| એપ્રિલ | ૩૭.૧૨ | ૨૮.૫૦ |
| મે | ૩૮.૩૭ | ૩૧.૨૩ |
| જૂન | ૩૯.૨૨ | ૨૮.૧૧ |
| જુલાઇ | ૪૪.૦૩ | ૩૨.૧૬ |
| ઓગસ્ટ | ૪૩.૭૯ | ૩૧.૭૬ |
| સપ્ટેમ્બર | ૪૪.૮૩ | ૩૫.૮૮ |

(*મુસાફરોની સંખ્યા લાખમાં)